Devoted to
Comprehensive Development
of Persons With Disabilities

For Private Circulation Only

# B.P.A. Bulletin

YEAR 2024 ▲VOLUME:IV ▲OCT-DEC-2024 (This Bulletin is available on website: www.bpaindia.org)

BULLETIN
BLIND PEOPLE'S ASSOCIATION (INDIA)

## ટેકનોલોજી યુનિટ શુભારંભ





દ્રષ્ટ્રિહીનો તેમના જીવનમાં રોજગાર-સ્વરોજગાર ક્ષેત્રમાં ટેકનોલોજીના માધ્યમથી અભ્યાસ કરીને કોમ્પ્યુટર સ્કીલ જાણે તે માટે તા. ૮ ઓક્ટોબર ૨૦૨૪ નાં રોજ બીપીએમાં કોમ્પ્યુટર યુનિટ બનાવવામાં આવ્યું છે. આ યુનિટને નામકરણ કરીને શાહ ઈન્દુભાઈ ડાહ્યાભાઈ અને શાહ ગિરીશચંદ્ર ડાહ્યાભાઈ ટેકનોલોજી સેન્ટરનો શુભારંભ કરવામાં આવ્યો હતો આ સાથે દિવ્યાંગજનોના વિકાસાર્થે દાતા પરિવારજનોએ શ્રી ઈન્દુભાઈ અને બિપીનચંદ્રના કુટુંબીજનોએ બીપીએમાં હેન્ડિકા ફર્નિચર શો રૂમ માટે દાન આપ્યું હતું.

## ઓરબીટ બ્રેઈલ રીડર્સ વિતરણ






બરોડા ગ્લોબલ શેરર્ડ સર્વિસ લિમિટેડનાં એમ.ડી અને સી.ઈ.ઓ શ્રીમતિ સુમિતા ચંદા અને કો.શ્રી નિવાસ પાન્ડાનાં વરદ્ હસ્તે ઓરબીટ બ્રેઈલ રીડર્સ આપવામાં આવ્યાં હતાં આમ પંદર દ્રષ્ટિક્ષતિ વ્યક્તિઓને તા. ૧૦ ઓક્ટોબર, ૨૦૨૪ ના રોજ સાધન સહાયનું વિતરણ કરવામાં આવ્યું હતુ. આ બ્રેઈલ સાધન કોમ્પ્યુટરમાં તેમજ મોબાઈલ ડિવાઈસ સાથે કન્ટેક્ટ એન્ડ્રોઈડથી થઈ શકે છે. આ સાધનથી દ્રષ્ટિહીનોના ઉચ્ચસ્તરીય અભ્યાસ માટે એક્સેસેબલ દ્રષ્ટિહીનો માટે આ સાધન ખૂબજ ઉપયોગી છે.

## પર્કિન્સ-મુલ્યાંકન-મુલાકાત




બીપીએ અને પર્કિન્સ ઈન્ડિયાના સંકલનથી ગુણવત્તામય શિક્ષણ માટે સરકારી-બિનસરકારી ધોરણ-3 થી ધોરણ-5માં અભ્યાસ કરતાં દિવ્યાંગ બાળકો માટે “પાઈલોટ પ્રોજેક્ટ”ની ક્ષમતાના આંકલન માટે સમ્મલિત શિક્ષણ મોડેલની મુલાકાતે પર્કિન્સથી સંપદા સેવડે અને અનુરાધાજીએ બીપીએના ડીસા અને બાવળા સેન્ટરના સંમ્મલિત વિદ્યાલયમાં તા. ૭ અને ૮ ઓક્ટોબર ૨૦૨૪ ના રોજ મુલાકાત કરી હતી.
તેઓએ શિક્ષકોની ક્ષમતા અને દિવ્યાંગ બાળકોને ગુણવત્તામય શિક્ષણ અંગે પર્કિન્સ સુધારામય ગુણવત્તામય શિક્ષણ અંગેની એક ફ્રેમવર્ક અંતર્ગત ખ્યાલ આપ્યો હતો. પર્કિન્સ ૨૦૦ વર્ષથી તજજ્ઞતા અને શિક્ષણજ્ઞાન દિવ્યાંગજનો વિષયક ધરાવે છે. તેઓ સમગ્ર દુનિયામાં શિક્ષણ સુધારાત્મક પધ્ધતિઓ સહ પારદર્શિકતા સાથે શિક્ષણમાં સહાયરૂપ બની રહ્યા છે.
આમ પર્કિન્સે ગુણવત્તામય શિક્ષણના વિકાસ માટે એસેસમેન્ટ ટુલ્સ સાથે બીપીએ અને શિક્ષણ માટે દાયકા પહેલા PQI ફ્રેમવર્ક વિક્સાવ્યા છે.

## દશેરા પૂજન




ધાર્મિક શાસ્ત્રોક્ત અનુસાર નવરાત્રીના પાવન અવસર બાદ ધાર્મિક રીતે કાર્યરત સાધનોની પૂજા દશેરાના દિવસે કરવામાં આવે છે. અહીં પણ દર વર્ષે દશેરાપૂજન અંધજન મંડળમાં બીપીએ, એટીસીબી ના વર્કશોપમાં કરવામાં આવે છે. આ વર્ષે તા. ૧૨ ઓક્ટોબર ૨૦૨૪ નાં રોજ પૂજન કરવામાં આવ્યું હતું.
તેમાં બીપીએનાં ટ્રસ્ટીશ્રી, કર્મચારીશ્રી, તાલીમાર્થી અને વિદ્યાર્થીઓ કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યાં હતા. આ દરમિયાન તાલીમાર્થીઓ માટે નાસ્તાની સુવ્યવસ્થા પણ કરવામાં આવી હતી.

## બીપીએ-ગરબા




નવરાત્રીના પાવન પર્વમાં તા. ૧૫ ઓક્ટોબર ૨૦૨૪ ના રોજ લાયન્સ ક્લબ ઓફ વસ્ત્રાપુર અને બીપીએના સંયુક્ત ઉપક્રમે અંધજન મંડળના પરિસરમાં દિવ્યાંગ બહેનો માટે ગરબાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ આયોજનમાં ઓરકેસ્ટ્રા બેન્ડ દ્રષ્ટિક્ષતિ વ્યક્તિઓનાં ગૃપનું હતું. આ ગૃપે મધ્યરાત્રી સુધી ગરબાની રમઝટ અને સુરાવલીનાં સૂરોથી ઓડીયન્સને ત્રણ કલાક સુધી ગરબાની ધૂનમાં તલ્લીન કર્યા હતા.

## ડી.જે.નાઈટ સ્વાભિમાન ગૃપ







સ્વૈચ્છિક ગૃપ (સ્વાભિમાન) બે દાયકાના વધુ સમયથી બીપીએ સાથે જોડાયને દિવ્યાંગજનોને સાધન સહાય અને તેઓ માટે સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરે છે. બીપીએ જરૂરીયાતમંદ દિવ્યાંગજનોની યાદી આપે છે તેમજ તેઓ જરૂરીયાતમંદ વ્યક્તિઓને સાધનસહાય અને રોજગારની તક પૂરી પાડે છે. બીપીએમાં દર વર્ષે આ કાર્યક્રમ આયોજીત કરવામાં આવે છે. આ વર્ષે પણ  સ્વાભિમાન ગૃપનો ડી.જે.નાઈટનો કાર્યક્રમ બીપીએના પ્રાંગણમાં તારીખ. ૧૯-૧૦-૨૦૨૪ ના રોજ કરવામાં આવ્યો હતો. આ સ્વાભિમાન ગૃપનાં મુખ્ય દાતાશ્રી બલેશ શર્મા રહ્યાં છે.

## ટ્રસ્ટ દ્વારા એમ.ઓ.યુ



બીપીએ મહિલા છાત્રાલય બનાવવા માટે અને આ ન્યુ બિલ્ડીંગ ઈમારત પ્રથમ માળ બનાવવાના પ્રથમ માળના ખર્ચમાં શ્રીમતી બિનાબેન કૈવલ્યલક્ષી અને શ્રી દિનેશ રમણલાલ શાહનો ફાળો રહ્યો છે. તેઓ શ્રી નલિનીબેનના પરમ મિત્ર છે. તેઓએ દિવ્યાંગજનોને આ કાર્યમાં આશીર્વાદ સાથે પ્રથમ માળનાં ખર્ચમાં એક કરોડનું દાન આપ્યું હતું. અને શ્રીમતિ નલિનીબેન પુરોહિત નામાભિધાન કરવા માટે એમ.ઓ.યુ સાઈન કર્યા હતા. તેમાં પ્રથમ ઈન્સ્ટોલમેન્ટમાં પચાસ લાખનું દાન આપ્યું હતું અને આ તબક્કે આવી બીપીએની વિઝીટ તારીખ - ૧૭ ઓક્ટોબર ૨૦૨૪નાં રોજ કરી હતી.

## ICEVI વર્લ્ડ કોન્ફરન્સ ભારત-૨૦૨૪






દુનિયામાં દ્રષ્ટિહીનો, બધિરાંધોના ક્ષેત્રમાં નયા આયામોની પરસ્પર જાણકારીથી દ્રષ્ટિહીનોના શિક્ષણમાં વેગ મળે છે. “ધ ઈન્ટરનેશનલ કાઉન્સિલ ફોર એજ્યુકેશન ઓફ પિપલ વીથ વિઝ્યુઅલ ઈમ્પેરમેન્ટ” નું સામાન્ય સંમેલન તારીખ, ૧૪ નવેમ્બરથી ૧૭ નવેમ્બર ૨૦૨૪ સુધી અમદાવાદ ખાતે થયું હતું. તેમાં ડૉ.બી.આર.આંબેડકર યુર્નિનાં પરિસરમાં આ વર્લ્ડ કોન્ફરન્સ આયોજીત કરવામાં આવી હતી. કોન્ફરન્સની આ થીમ “વિવિધતામાં સમાવેશ” “બધા માટે સમાનતા” અને સુલભતા હતી.

આ પહેલા પ્રી કોન્ફરન્સનું એક દિવસીય આયોજન બીપીએમાં કરવામાં આવ્યું હતું. તેમાં દિવસ દરમિયાન ત્રણ જુદા જુદા વર્કશોપ કરવામાં આવ્યા હતા. પ્રથમ વર્કશોપનું નૈતૃત્વ પર્કિન્સનાં શ્રીસંપદા શેવડે દ્વારા કરવામાં આવ્યું હતું તેમાં શિર્ષક “અન્ડરસ્ટેન્ડ ઘેટ ઓલ બિહેવીયર્સ કોમ્યુનિકેટ બધિરાંધ” સહિત દ્રષ્ટિની ક્ષતિ અને વધારાની વિક્લાંગતા ધરાવતી વ્યક્તિઓ અંતર્ગત રહ્યું હતું.

જ્યારે દ્વિતિય સેશન્સ “ઓબ્જેક્ટ ટુ ડ્રોઈંગ્સ અને સ્પેટીલ ઈમરજી સુવિધાજનક અને સ્વતંત્રતાથી ટેકટાઈલ ગ્રાફીક્સ” ઉપર પ્રો. બોગુત્સવા “બોબ” માર્ક અને મરકીન મેત્સીએ કર્યું હતું. જ્યારે તૃતીય વર્કશોપમાં સેન્સ ઈન્ટરનેશનલ ઈન્ડિયા દ્વારા શીર્ષકમાં બધિરતા ધરાવતા વ્યક્તિઓ માટે સ્વતંત્ર જીવનનું મહત્વ ઉપર રહ્યું હતું. આ દરમ્યાન જ્યોતિ AI એડવાન્સીંગ એજ્યુકેશન એન્ડ ઈન્ડીપેન્ડેન્સ ફોર ધ વિઝ્યુઅલી ઈમ્પેર્ડ ઉપર ટ્રોરચીટ દ્વારા પ્રદર્શન અને વિતરણ કરવામાં આવ્યું હતું.

આ કોન્ફરન્સનું ઉદઘાટન બીએઓયુનાં વાઈસ ચાન્સેલર સાથે આઈસીઈવીઆઈ ડેફબ્લાઈ્ડ ઈન્ટરનેશનલ, વર્લ્ડ બ્લાઈ્ડ યુનિયનના ઉચ્ચ પદાધિકારીશ્રીઓ દ્વારા કરવામાં આવ્યું હતું.

આ સમયે એમ્બેસેડર ઓબ્રે વેબસન અને બીઓઓયુનાં ડૉ.અમી ઉપાધ્યાયે ખૂબજ પ્રભાવશાળી સંબોધન કર્યા હતા. આ સમયે સામાજીક ન્યાય અને અધિકારીતા મંત્રાલયના સચિવશ્રી રાજેશકુમાર કોન્ફરન્સમાં ઉપસ્થિત રહી શક્યા ન હતા પરંતુ તેઓએ રેકોર્ડેડ સંદેશ પાઠવ્યો હતો. આ કોન્ફરન્સમાં ૫૯ દેશોમાંથી ૩૮૩ પાર્ટિસિપેટ રહ્યાં હતાં. જ્યારે ૧૫૨ વક્તાઓએ ૬ પ્લેનેરી અને ૨૪ સમવર્તી સેશન્સ કરવામાં આવ્યાં હતાં. તેમાં મુખ્યત્વે સમુદાય આધારિત સમાવેશી વિકાસનાં અભિગમો, આકારણી પ્રક્રિયાઓ, શિક્ષણમાં પ્રવેશ અને સહભાગિતાની સમાનતા (આજીવન શિક્ષણ), જીવન કૌશલ્ય, સુલભતા, વ્યાવસાયિક સહયોગ, આરોગ્ય, ICT અને અનુકૂલન, સહાયક તકનીક એક્સેસ, હિમાયત-આંતરરાષ્ટ્રીય ઘોષણાઓ, આબોહવા પરિવર્તન આમ વિવિધ પેપર થીમ હતી. આ અહીં પ્રોગ્રામ કમિટીના અધ્યક્ષે કુ.સિઆન ટેસ્ની એ જણાવ્યું હતું કે સમગ્ર વિશ્વભરમાંથી પ્રતિનિધિત્વ સાથે શ્રવણમંદ, બધિરાંધ, બહુવિક્લાંગતાની દ્રષ્ટિની ક્ષતિને આવરી લેવામાં આવી છે. અહી આઈસીઈવીઆઈનાં ભૂતપૂર્વ ખજાનચી અને ૨૦૧૬ માં ICEVIનો ઈન્ટરનેશનલ એક્સેલેન્સ એવોર્ડ મેળવનાર એક્ઝીક્યુટીવ દ્વારા ૨૦૨૪ના એવોર્ડ સમિતીના અધ્યક્ષ તરીકે નિમણૂંક કરવામાં આવી હતી. તેઓએ એક્ઝીક્યુટીવ બોર્ડના સભ્યોને આ અંગે ICEVI પ્રમુખશ્રી સાથે પરામર્શ કરીને સેવા આપવા આમંત્રણ પાઠવ્યું હતું. તેમજ દરેક પ્રદેશના પ્રમુખોને ICEVI એવોર્ડ્સ માટે નામાંકન સબમિટ કરવા આમંત્રિત કર્યા હતા.

જે પૈકી વર્લ્ડ કોન્ફરન્સમાં વિજેતાઓને નીચે મુજબ એવોર્ડ એનાયત કરવામાં આવ્યા હતા.
1) આંતરરાષ્ટ્રીય શ્રેષ્ઠતા પુરસ્કાર :
સુશ્રી ગર્ટ્રુડ ઓફોરીવા ફેફોમ (આફ્રિકા)
કુ. મારીઆ ક્રિસ્ટીના સાન્ઝ (લેટિન અમેરિકા)
કુ. અના પેલેઝ (યુરોપ)
શ્રી સેતારીકા મકનાવાઈ (પેસિફીક)
કુ. રોબિન મેકન્ઝી(પેસિફીક ક્ષેત્ર)




2) માનદ્ આજીવન સભ્યપદ - શ્રી ઓબ્રેવેબસન
3) સંસ્થાકીય પુરસ્કાર - ડેઝી કન્સોર્ટિયમ
4) લાઈફટાઈમ એચીવમેન્ટ એવોર્ડ - ડૉ.એમ.એન.જી મણિ ICEVI
5) આંતરરાષ્ટ્રીય નેતૃત્વ પુરસ્કાર - ડૉ.ફ્રાન્સિસ જેન્ટલ પ્રમુખ ICEVI
ડૉ. ભુષણ પુનાની - ઉપપ્રમુખ
6) ICEVI લાંબી સેવાઓ એવોર્ડ
પ્રો. વ્લાદિમિર રાદોલોવ (યુરોપ)
શ્રીમતિ શ્રી સુદરસોનો (પૂર્વ એશિયા)

આ કોન્ફરન્સની વિશેષતાનું વર્ણન શબ્દોમાં વર્ણાવી શકાય નહીં. પરંતુ દિલને સ્પર્શી જાય તેવા શબ્દો હતા. અહીં પાર્ટીસીપેટ્સનાં તારીખ ૧૪ થી ૧૬ નવેમ્બર-૨૦૨૪ દરમિયાન ICEVI આયોજીત આંતરરાષ્ટ્રીય કોન્ફરન્સનો એક અનોખો અનુભવ રહ્યો હતો.

HIGHLIGHT OF THE CONFERENCE IN THE WORDS OF THE PARTICIPANTS

1. અમોને ભારતમાં દિવ્યાંગ વ્યક્તિઓ માટે પડકારજનક માન્યતાઓ અને ગેરમાન્યતાઓ પર પેપર રજૂ કરવાની તક મળી.
2. કોન્ફરન્સમાં એક મંચ ઉપર ૬૩ દેશોના પાર્ટિસિપેટ્સનાં વિચારોનું આદાનપ્રદાન થયું.
3. બીપીએ સંસ્થા શ્રેષ્ઠ હતી.
4. ઝીણવટભર્યામાઈક્રો મેનેજમેન્ટે દરેક પ્રતિનિધિને ઘરની અનુભૂતિ કરાવી.
5. એરપોર્ટ, રેલ્વે સ્ટેશન, આવન જાવન અને આરામદાયક રહેવાની સુવિધા સુંદર કરવામાં આવી હતી.
6. ગ્રામ્ય વાતાવરણમાં રિસેપ્શન ડીનરનો અદભૂત અનુભવ રહ્યો. આમ આ કોન્ફરન્સ દરમિયાન જણાવવામાં આવ્યું. હતું.

આ કોન્ફરન્સનાં સમાપન સમયે બીપીએ, સેન્સ ઈન્ડિયા ટીમને આયોજનમાં સતત કાર્યરત રહેવા અને સફળતાના શિખર સુધી પહોંચાડવામાં યશસ્વી ફાળો રહ્યોં હતો. તે બદલ અભિનંદન પાઠવતા તાલીઓનાં ગડગડાટ સ્વાગતથી હોલ ગુંજી ઉઠ્યો હતો. આ સમાપન સમારોહ કાર્યક્રમમાં ચેરપર્સન રિહેબિલીટેશન કાઉન્સિલ ઓફ ઈન્ડિયાનાં ચૈરપર્સનશ્રી ડૉ.શરણજીત કૌર, દયા મારૃવા દીન્હા, પૂ.નાયબ મંત્રી મહેર સેવાશ્રમ અને સમાજ કલ્યાણ મંત્રાલય તેમજ ઝિમ્બાબ્વે સરકાર અતિથિ વિશેષ રહ્યા હતાં.

## દાદા-દાદી સહાય વિતરણ






દરેક જરૂરીયાતમંદ વ્યક્તિઓ નિ:સહાય વયોવૃદ્ધ માટે અવિરત સેવાયજ્ઞ કરતાં દાતાશ્રી ગીતાબેન દિપકભાઈ ગાંધી યુ.કે થી આર્થિક સહયોગ કરી રહ્યાં છે. આમ, બીપીએમાં નિ:સહાયજનોને હંમેશા મદદકર્તા રહ્યાં છે. તેઓ દ્વારા તા. ૨૨ નવેમ્બર ૨૦૨૪ નાં રોજ અનાજકીટ, પ્રોવિઝન ચીજવસ્તુઓ, ટીફીન બોક્ષ, રૂમાલ વગેરે સિત્તેર નિ:સહાય દાદા-દાદીને બીપીએ દ્વારા આપવામાં આવ્યાં હતા.

## વાઘ-બકરી દ્વારા વિતરણ - ટી સ્ટોલ







વિશ્વ વિક્લાંગ દિવસે તા. ૩ ડિસેમ્બર ૨૦૨૪ નાં રોજ જરૂરીયાતમંદ દિવ્યાંગજનોને સ્વરોજગારમાં મદદરૂપ સહયોગ માટે વાઘબકરી ચ્હાના CSR તળે બીપીએના દિવ્યાંગજનોને સાધન સહાય વિતરણ કાર્યક્રમમાં એકસો (100) ચા-નાસ્તાના વેચાણ માટેના સ્ટોલ વાઘબકરીના એક્ઝીક્યુટીવ ડાયરેક્ટરશ્રી પારસ પંકજ દેસાઈ અને શ્રીમતી વિડીસા પરાગ દેસાઈના વરદ્ હસ્તે આપવામાં આવ્યા હતા.

## SWMR કાર્યક્રમ






“સોસાયટી ફોર ધી વેલ્ફેર ઓફ ધી મેન્ટલી રિટાર્ડેડ” સંસ્થા દ્વારા ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ તા. ૭ ડિસેમ્બર ૨૦૨૪ નાં રોજ “અરમાન ડે કેર સેન્ટર” સરખેજ દ્વારા અમદાવાદ ખાતે આયોજીત કરવામાંઆવ્યો હતો. આ સ્પર્ધામાં વ્યોમ સોની વી.આઈ.એ.ડી યુનિટ બીપીએનાં તેમજ સાહેલ અરમાન સેન્ટરના ભૂલકાને ઈનામ પ્રાપ્ત થયું હતું.

## રાહી વિઝન સેન્ટર પ્રારંભ, ભૂજ






રાહી વિઝન સેન્ટર ભૂજની જગ્યા નો વપરાશ તદ્દન મફત તરીકે વપરાશના ઉપયોગમાં આપતાં માલિકશ્રી શ્રીમતિ પ્રકિર્તા દેવી અને હેમલત્તાકુમાર પરમાર્થી સલાહકાર ચોલા મંડલમ ઈન્વેસ્ટમેન્ટ અને ફાઈનાન્સ કંપની લિમીટેડ દ્વારા આપી સહયોગ કરવામાં આવ્યો છે. આ સેન્ટરનું ઉદઘાટન તા. ૧૯ ડિસેમ્બર ૨૦૨૪નાં રોજ ભૂજના ધારાસભ્યશ્રી કેશુભાઈ પટેલનાં વરદ્ હસ્તે કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે પ્રદિપસિંધ વાઘેલા, આર.ટી.ઓ ભૂજ શ્રી જયેશભાઈ સચદે પ્રમુખશ્રી રઘુવંશી સમાજ કચ્છશ્રી સતીશભાઈ મીરાની, પ્રમુખશ્રી અને ધર્મેન્દ્રભાઈ ઝાલા સેક્રેટરી ઓફ લિગ્નાઈટ ટ્રાન્સપોર્ટ એસોસીએશન કચ્છ, રાજુભાઈ પલાન પ્રમુખશ્રી નખત્રાણા લોહાણા મંડળ તેમજ કાયમી સેવાકીય દાતાશ્રી ઉપસ્થિત રહ્યાં હતાં.

આ સેન્ટરમાં એક્સેસેબલ સહ સેવાઓમાં આંખ નિદાન ગ્લાસ અને મોતિયા ઓપરેશન સુવિધાઓ ઉપલબ્ધ હશે.

## મેન્ટલ હેલ્થ સેન્ટર ભૂમિપૂજન, વાત્રક





માનસિક બિમારીમાં રોગને કાબુમાં કરવા મેન્ટલ હેલ્થ સેન્ટર સ્થાપિત કરવા માટે શ્રી રસિકભાઈ શાહની સ્મૃતિમાં તેમના પુત્રશ્રી તુષાર શાહ અને તેમનાં અર્ધાંગિની શ્રી સારઝી દ્વારા રૂ. એક મિલીયન ડોલરનાં દાનની ઘોષણા કરી હતી. આ સેન્ટરનાં પાયાનું ભૂમિપૂજન તારીખ ૨૦ ડિસેમ્બર ૨૦૨૪ નાં રોજ વાત્રક ખાતે કરવામાં આવ્યું હતું. અહીં આ કાર્યક્રમમાં શ્રી કુસુમબેન રસીકભાઈ શાહનાં વરદ્ હસ્તે ભૂમિપૂજન કરવામાં આવ્યું હતું. આ સમયે બીપીએ પ્રમુખશ્રી ટ્રસ્ટીશ્રીઓ, એક્ઝીક્યુટીવ ડાયરેક્ટરશ્રી તેમજ સ્થાનિક વોલન્ટીયર SVCT અરવલ્લી ઉપસ્થિત રહ્યાં હતા.

આ સેન્ટર માનસિક માંદગીનાં વ્યક્તિઓની સેવા અને પુનર્વસન માટે એક આશીર્વાદરૂપ ગણાવી શકાશે. અહીં કે.કે.શાહ સાબરકાંઠા આરોગ્ય મંડળ, બીપીએ અને સમતા વિકાસ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા સંયુક્ત પ્રોજેક્ટથી શ્રીમતી બેલાબેન અને યોગેશભાઈ આંખની હોસ્પીટલનું ઉદઘાટન ગુજરાત રાજ્યનાં સન્માનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલનાં વરદ્ હસ્તે ઓગસ્ટ - ૨૦૨૩ માં કરવામાં આવ્યું હતું. તેમજ આ દ્વિતીય સેન્ટરનું ઉદઘાટન વર્ષ-૨૦૨૬ માં કરવાની તૈયારીઓ સાથે સંકલ્પ કર્યો હતો.

## બ્રેઈલ વાંચન હરિફાઈ



નેશનલ એસોસીએશન ફોર ધી બ્લાઈન્ડ (ગુજરાત રાજ્ય) સાણંદ શાખામાં તારીખ ૨૨ ડિસેમ્બર ૨૦૨૪નાં રોજ બ્રેઈલ વાંચન હરિફાઈનું આયોજન કરવામાં આવ્યું હતું. આ હરિફાઈમાં દ્રષ્ટિક્ષતિ વિદ્યાર્થીઓમાં તેમની તર્જનીઓ દ્વારા પ્રાવિણ્ય ખૂબજ સરસ રીતે અભિવ્યકત્ કર્યું હતું. આ સમયે પ્રથમ વિજેતા ઘોષિત વિદ્યાર્થીઓને પ્રથમ પુરસ્કાર મુખ્ય મહેમાનશ્રી તરીકે ઉપસ્થિત રહેલા બીપીએનાં જનરલ સેક્રેટરીશ્રી ડૉ. ભૂષણ પુનાનીના વરદ્ હસ્તે ઈનામ આપવામાં આવ્યા હતા.

## એવોર્ડ સન્માન



બીપીએનાં ટેકનોલોજી વિભાગનાં સિનિયર પદાધિકારીશ્રી રણછોડભાઈ સોનીને દ્રષ્ટિહીનો માટે કોમ્પ્યુર ટેકનોલોજીમાં ઉત્કૃષ્ઠ ફાળો પ્રદાન કર્યો છે. આ શ્રેય માટે શ્રી કરશન મેઘજી વકેરીયા એવોર્ડ નવચેતન અંધજન મંડળ, ભૂજ ખાતેનાં વાર્ષિક કાર્યક્રમ ઉજવણીમાં તેઓને તારીખ ૨૫ ડિસેમ્બર ૨૦૨૪નાં રોજ એવોર્ડ અર્પણ કરીને સન્માનિત કરવામાં આવ્યા હતા.

## જસદણ કેમ્પ





જરૂરીયાતમંદ દિવ્યાગંજનોને જીવન વ્યતિત કરવામાં સહાયરૂપ થાય તે માટેના સાધનો તુરાખીયા અને પરીખ ફેમીલી દ્વારા આપવામાં આવ્યાં હતા. આ સાધનોમાં રૂ. ૨૦ લાખનાં સાધન સહાયમાં વ્હીલચેર, ટ્રાઈસીકલ, કાંખઘોડી તેમજ કૃત્રિમ અંગો (હાથ-પગ) જરૂરીયાતમંદ ૩૨૫ દિવ્યાંગજનોને માટે આધ્યાત્મિક ગુરૂશ્રી રાજસોભાગ આશ્રમના પરમપૂજ્ય ભાઈશ્રી તેમજ આશીર્વાદ વિક્લાંગ ટ્રસ્ટના ટ્રસ્ટીઓ તેમજ સ્થાનિક પાટીદાર સમાજ દ્વારા કેમ્પમાં આપવામાં આવ્યાં હતા.


**BPA Bulletin is issued every quarter**

Phone Fax :(079)26305082, 26304070

Email : : gensecbpa@gmail.com, nandinibpa@gmail.com, bpapublications@gmail.com

Website : : www.bpaindia.org

All donations exempted under Section 80G of the Income Tax Act, 1961

Printed and Issued by: Blind People's Association, Ahmedabad-380 015. Editor: Shri Hasmukh Shrimali, Sub Editor : Shri Bipin Mehta, Assisted by: Mr. Bhadresh Jadav, Publication Coordinator: Dr. Bhushan Punani

**ONLINE SUPPORT**

HDFC BANK https://www.billdesk.com/hdfc/BPA/hdfc_blind_people_association.htm

VOICE OF SPECIALLY ABLED PEOPLE https://www.voiceofsap.org/

GlobalGiving https://tinyurl.com/33jcm3j4

blind_peoples_association

bpaindia1

bpaindia - Blind People's Association (INDIA)

@bpa_ind